A

COMPLETE GLOSSARY

OF

ALL THE WORDS AND PHRASES

OCCURRING IN

MACMILLAN'S NEW PRIMER

PART 1.

KARSANDAS NARANDAS & SONS

Book-sellers & Publishers

Nanavat, SURAT.

1939

Price 4 Annas.

गूजरात विद्यापीठ ग्रंथालय

[[illegible] विभाग]

[illegible] ૨૧૬૮૩ किंमत ૦-૪-૦

[illegible] [illegible]

[illegible] [illegible]

English Alphabet

અંગ્રેજી મૂળાક્ષર

A એ B બી C સી D ડી E ઇ F એફ
G જી H એચ I આઈ J જે K કે L એલ
M એમ N એન O ઓ P પી Q ક્યુ R આર
S એસ T ટી U યુ V વી W ડબલ્યુ
X એક્સ Y વાઈ Z ઝેડ.

SMALL LETTERS

ન્હાના અક્ષરો

a એ b બી c સી d ડી e ઈ f એફ g જી
h એચ i આઈ j જે k કે l એલ m એમ
n એન o ઓ p પી q ક્યુ r આર s એસ
t ટી u યુ v વી w ડબલ્યુ
x એક્સ y વાઈ z ઝેડ.

ALPHABET

મૂળાક્ષરો

A	એ	એ, આ, અ, ઍ, ઑ.
B	બી	બ.
C	સી	ક, સ.
D	ડી	ડ.
E	ઈ	અ, આ, એ, ઈ.
F	એફ	ફ.
G	જી	જ, ગ.
H	એચ	હ, અ.
I	આઈ	આઈ, ઈ, અ.
J	જે	જ.
K	કે	ક.
L	એલ	લ.
M	એમ	મ.
N	એન	ન.
O	ઓ	ઓ, ઉ, ઑ, અ.
P	પી	પ.
Q	ક્યુ	કવ, એનો ઉચ્ચાર ક.
R	આર	ર.
S	એસ	સ, ઝ.
T	ટી	ટ.
U	યુ	ઉ, અ, યુ.
V	વી	વ.
W	ડબલ્યુ	ઉવ, વ.
X	એક્સ	ક્સ, ક્ષ.
Y	વાઈ	આઈ, ઈ.
Z	ઝેડ	ઝ.

અંગ્રેજીમાં છવીસ (૨૬) મૂળાક્ષર છે તેમાં a, e, i, o, u સ્વર છે. કેટલીક જગ્યાએ y અને w પણ સ્વર ગણાય છે. ch નો ઉચ્ચાર ચ તથા sh નો ઉચ્ચાર શ.

SCRIPT CAPITAL LETTERS

લખવાના મોટા અક્ષરો

A B C D E F G H

I J K L M N O P Q

R S T U V W X Y Z.

SCRIPT SMALL LETTERS

લખવાના ન્હાના અક્ષરો

a b c d e f g h i j k l m n

o p q r s t u v w x y z.

પાનું ૪થું

Man (મૅન) માણસ.

Hen (હેન) મરઘી.

Quill (ક્વિલ) લખવાનું પીછું.

Dog (ડોગ) કુતરો.

Jug (જગ) ચપુ, કુંજો.

Rat (રેટ) ઊંદર.

પાનું ૫મું

Wan (વેન ગાડું.

Well (ઉવેલ) કુવો.

Box (બૉકસ) પેટી.

Yak (યાક) એક જાતનો બળદ.

Six (સિકસ) છ.

Fez cap (ફેઝ કેપ) એક જાતની ફુમતાવાળી ટોપી.

પાનું ૬ ઠું

Cat (કેટ) બિલાડી.

Bed (બેડ) બિછાનું.

Pig (પિગ) ડુક્કર.

Pot (પૉટ) ઘડો, વાસણ.

Tub (ટબ) પીપ.

Web (ઉવેબ) જાળું.

પાનું ૭ મું

Hat (હેટ) ઉભી ટોપી.

Pen (પેન) કલમ.

Ink-pot (ઈંક પૉટ) ખડિયો.

Top (ટોપ) ભમરડો.

Cup (કપ) પ્યાલો.

Fly (ફ્લાઈ) માખી.

પાનું ૮ મું

Mat (મેટ) સાદડી.

Leg (લેગ) પગ.

Fig (ફિગ) અંજીર.

Ox (ઑકસ) બળદ.

Sun (સન) સૂર્ય.

Wing (ઉવિંગ) પાંખ.

પાનું ૯ મું.

King (કિંગ) રાજા.

Queen (ક્વીન) રાણી.

Jar (જાર) બરણી.

Net (નેટ) જાળ, જાળી.

Vat (વૅટ) મોટું પીપ.

Zebra (ઝીબ્રા) એક જાતનું જનાવર.

પાનું ૧૨ મું

And (ઍન્ડ) અને.

A (એ) વ્યંજનથી શરૂ થતા સામાન્ય નામની આગળ એકવચનમાં વપરાય છે

Man (મૅન) માણસ.

An (ઍન) સ્વરથી શરૂ થતાં સામાન્ય નામની આગળ એકવચનમાં વપરાય છે.

Anna (આના) આનો.

Hand (હૅન્ડ) હાથ.

Bag (બૅગ) કોથળી.
Has (હેઝ) ને છે; પાસે છે.
In (ઈન) માં; અંદર.
His (હિઝ) તેનું; પોતાનું.
Is (ઈઝ) છે.
The (ધી; ધ) તે.
And (ઍન્ડ) અને.

તે માણસ પાસે પોતાના હાથમાં એક કોથળી છે. તે કોથળીમાં એક આની છે. તે માણસ પાસે એક કોથળીમાં એક આની છે.

પાનું ૧૩ મું.

This (ધિસ) આ.
That (ધેટ) તે; પેલી.
Yes (યેસ) હા.
No (નો) ના.
Trap (ટ્રેપ) કોળવઈ; ઉંદરવાઈ.
Not (નૉટ) નહિ; નહીં.
On (ઑન) ઉપર.

આ બિલાડી. પેલો ઉંદર. આ એક બિલાડી છે. પેલો એક ઉંદર છે. આ એક સાદડી છે. પેલી એક કોળવઈ છે. શું ઉંદર કોળવઈમાં છે? ના, ઉંદર કોળવઈમાં નથી. શું બિલાડી સાદડીપર છે? ના, બિલાડી સાદડીપર નથી.

પાનું ૧૪ મું.

Are (આર) છે. (ઈઝનું બહુવચન)
Ran (રૅન) દોડયો.
After (આફ્ટર) પછી; પાછળ.
It (ઈટ) તે. (નાન્યતર જાતિ)
Into (ઈન્ટુ) માં; અંદર.
Can (કેન) શકવું.
See (સી) જોવું.
Can see=જોઈ શકે છે.
Catch. (કેચ) પકડવું. [નહિ.
Can not Catch=પકડી શકશે
Go (ગો) જવું.

બિલાડી સાદડી પર છે. શું ઉંદર સાદડી પર છે? હા, બિલાડી અને ઉંદર સાદડી પર છે. બિલાડી દોડી અને ઉંદર દોડયો. બિલાડી ઉંદર પાછળ દોડી. તે કોળવઈમાં દોડી ગયો. બિલાડી ઉંદરને કોળવઈમાં જોઈ શકે છે. શું બિલાડી ઉંદરને પકડી શકશે? ના, બિલાડી તેને પકડી શકશે નહિ. બિલાડી કોળવઈમાં જઈ શકશે નહિ.

પાનું ૧૫ મું.

Hen (હેન) મરઘી.
Nest (નેસ્ટ) માળો.
I (આઈ) હું.
Do see (ડુ સી) જુઓ છો.

You (યુ) તમે.
Eggs (એગ્સ) ઈંડાં.
Do not see=જોઈ શકતો નથી.
Is sitting (ઈઝ સિટિંગ) બેસેછે.
Chick (ચિક) મરઘીનું બચ્ચું.
Two (ટુ) બે.
Chicks (ચિકસ) મરઘીનાં બચ્ચાં.
Will come out=બહાર આવશે
Came (કેઇમ) આવ્યું.
Out (આઉટ) બહાર.
Came out=બહાર નીકળ્યું.
Of (ઑફ) માંથી.
Egg (એગ) ઈંડું.
Will (વિલ) શે, શું.
(ભવિષ્ય કાળની નિશાની)
Was (વૉઝ) હતું.
Were (વેર) હતાં. (વૉઝનું બહુ-
Sit (સિટ) બેસવું. વચન)

હું એક મરઘી અને માળો જોઈ શકું છું. તમે તે માળામાં ઈંડાં જોઈ શકો છો ? ના, હું ઈંડાં જોઇ શકતો નથી. મરઘી ઈંડાંપર બેઠી છે. આ મરઘીનું બચ્ચું. તે મરઘીનું બચ્ચું. બે મરઘીનાં બચ્ચાં. તે બચ્ચું ઈંડાંમાં છે. તે ઈંડાંમાંથી બહાર આવશે. આ બચ્ચું ઈંડાં ઉપર છે. તે ઈંડાંમાં હતું. તે ઈંડાં માંથી બહાર આવ્યું. તે ઈંડાં પર ઉભું છે એક બચ્ચું એક ઈંડાંમાં હતું. બે બચ્ચાં બે ઈંડાંમાં હતાં.

પાનું ૧૬ મું.

Big (બિગ) મોટી.
Box (બૉક્સ) પેટી.
Little (લિટલ) નાની.
Large (લાર્જ) મોટું.
Pot (પૉટ) વાસણ; માટીનો ઘડો.
Small (સ્મોલ) નાનું.
Thick (થિક) જાડું.
Stick (સ્ટિક) લાકડી.
Thin (થિન) પાતળી.
Tall (ટૉલ) ઉંચા.
Short (શૉર્ટ) ઠીંગણો.
High (હાઇ) ઉંચું.
Tree (ટ્રી) ઝાડ.
Low (લો) નીચું.

આ એક મોટી પેટી છે. તે એક નાની પેટી છે. આ એક મોટો ઘડો છે. તે એક નાનો ઘડો છે. આ એક જાડી લાકડી છે. તે એક પાતળી લાકડી છે. આ એક ઉંચો માણસ છે. પેલો એક ઠીંગણો માણસ છે. આ એક ઉંચું ઝાડ છે. તે એક નીચું ઝાડ છે.

પાનું ૧૭ મું.

What (વૉટ) શું; કયું.

Who (હુ) કોણ (પ્રશ્ન પૂછવાને વપરાય છે.)
Bell (બેલ) ઘંટ.
My (માઇ) મારો.
Book (બુક) ચોપડી.
Your (યોર) તમારું.
Ball (બોલ) દડો.
His (હિઝ) તેનો.
Ring (રિંગ) વીંટી.
Her (હર) તેની. (નારી જાતિ)
Our (અવર) આપણા.
King (કિન્ગ) રાજા.

આ શું છે ? આ એક ઘંટ છે. તે મારો ઘંટ છે. પેલું શું છે ? પેલી ચોપડી છે. તે તમારી ચોપડી છે. આ શું છે ? આ એક દડો છે. તે તેનો દડો છે. પેલું શું છે ? પેલી વીંટી છે. તે તેની વીંટી છે. આ કોણ છે ? આ આપણા રાજા છે.

પાનું ૧૮ મું.

Am (એમ) છું.
Standing (સ્ટેન્ડિંગ) ઉભા રહેતાં.
Am Standing=ઉભો છું.
Stand up=ઉભો રહે.
Sitting (સિટિંગ) બેસતાં.
Am Sitting=બેઠો છું.
Boy (બોય) છોકરો.
Sit (સિટ) બેસવું.
Down (ડાઉન) નીચે.
Sit down=બેસી જાઓ.
Running (રનિંગ) દોડતાં
Is running=દોડે છે.
Run on=દોડો.
Lying (લાઇંગ) સુતો.
Lie down=સુઈ જાઓ.
Crying (ક્રાઈંગ) રડતાં.
Girl (ગર્લ) છોકરી.
Is crying=રડે છે.
She (શી) તે. (નારી જાતિ)
To cry (ક્રાઇ) રડવું.
Do not cry=રડતા નહિ.

હું ઉભો છું. માણસ ઉભો છે. તે ઉભો છે. ઉભા થાઓ. હું બેસું છું. તે છોકરો બેસે છે. તે બેસે છે. બેસી જાઓ. હું દોડું છું. તે માણસ દોડે છે. તે દોડે છે. દોડો. હું સુતો છું. તે માણસ સુતો છે. તે સુતો છે. સુઈ જાઓ. હું રડું છું. તે છોકરી રડે છે. તે રડે છે. રડતા નહિ.

પાનું ૧૯ મું.

Sleep (સ્લીપ) ઉંઘવું.
Is sleeping=ઉંઘે છે.
To sleep=ઉંઘવાને.
Eat (ઇટ) ખાવું.

Rice (રાઇસ) ચોખા.
Is eating=ખાય છે.
Slowly (સ્લોલિ) ધીમેથી.
Drink (ડ્રિન્ક) પીવું.
Is drinking=પીએ છે.
Drink up=પી જાઓ; ગટ-ગટાવી જાઓ.
Talk (ટોક) વાત કરવી.
Walk (વોક) ચાલવું.
Is walking=ચાલ્યો જાય છે.
To (ટુ) ને; પાસે
To her=તેની સાથે.
Brother (બ્રધર) ભાઇ.
Sister (સિસ્ટર) બ્હેન.
Is saying=(ઇઝ સેઈંગ) કહે છે.

આ માણસ ઉંઘે છે. તમે ઉંઘો છો? ના, હું ઉંઘતો નથી. ઉંઘવાને જાઓ. આ માણસ ખાય છે. તે શું ખાય છે? તે ચોખા ખાય છે. ધીમેથી ખાઓ. શું આ માણસ (પાણી) પીએ છે? હા, તે પીએ છે. તમે પીતા નથી. તે પી જાઓ. તે છોકરો તે છોકરી પાસે ચાલીને જાય છે. તે તેની સાથે વાત કરે છે. તે તેનો ભાઈ છે. તે તેની બ્હેન છે. તે શું કહે છે? નાની બ્હેન, રડ નહિ.

પાનું ૨૦ મું.

Horse (હોર્સ) ઘોડો.
The horse has=ઘોડાને છે.
Long (લોન્ગ) લાંબા.
Tail (ટેઇલ) પૂંછડી.
Short (શોર્ટ) ટૂંકા.
Ears (ઇઅર્સ) કાન.
Very (વેરી) ઘણું.
Fast (ફાસ્ટ) જલદી; ઝડપથી.
Very fast=ઘણી ઝડપથી.
Runs=દોડે છે.
Cow (કાઉ) ગાય.
Horns (હોર્ન્સ) શિંગડાં.
Head (હેડ) માથું.
Gives (ગિવ્ઝ) આપે છે.
Milk (મિલ્ક) દૂધ.
White (વ્હાઇટ) સફેદ; ધોળું.
Nice (નાઇસ) સુંદર.
Like (લાઇક) ગમે છે; પસંદ છે.
Bull (બુલ) ગોધો.
Hump (હમ્પ) ખૂંધ.
Neck (નેક) ગરદન.
Strong (સ્ટ્રોન્ગ) મજબૂત; જોરાવર.
Zebra (ઝીબ્રા) એક જાતનું ઘોડા જેવું જનાવર.
Like (લાઇક) જેવું.

Stripes (સ્ટ્રાઇપ્સ) ચટાપટા.
Goat (ગોટ) બકરો.
Thick (થિક) જાડી; ઘાડી.

ઘોડાને લાંબા પગ હોય છે. તેને લાંબી પૂંછડી હોય છે. તેને ટુંકા કાન હોય છે. તે ઘણી ઝડપથી દોડી શકે છે. ઘોડો ઝડપથી દોડે છે.

ગાયને તેના માથા ઉપર શિંગડાં હોય છે. તેને એક લાંબી પૂંછડી અને ટુંકા પગ હોય છે. તે દૂધ આપે છે. દૂધ ધોળું છે તે સારું છે. મને દૂધ પીવાનું ગમે છે. ગાય દૂધ આપે છે.

આ ગોધાને ટુંકા શિંગડાં છે. તેને એક લાંબી પૂંછડી છે. તેને તેની ગરદનપર મોટી ખુંધ છે. તે ઘણો મજબૂત હોય છે. ગોધાને શિંગડાં હોય છે.

આ ઝીબ્રા છે. તે એક નાના ઘોડા જેવો છે. તેને તેની પીઠ ઉપર ચટાપટા છે. તેને તેના પગ ઉપર ચટાપટા છે. ઝીબ્રાને ચટાપટા હોય છે.

બકરીને લાંબા કાન હોય છે. તેને એક ટુંકી જાડી પૂંછડી હોય છે. આ બકરીને લાંબા પગ છે. તે ગાયની માફક દૂધ દે છે. બકરી દૂધ આપે છે.

પાનું ૨૧ મું.

Bell (બેલ) ઘંટ.
Is ringing (ઈઝ રિંગિંગ) વાગે છે.
To ring (રિંગ) વાગવું.
To hear (હીઅર) સાંભળવું.
Is calling (ઈઝ કોલિંગ) બોલાવે છે.
To school (ટુ સ્કૂલ) નિશાળે.
School (સ્કૂલ) નિશાળ.
Run of (રન ઑફ) દોડતા જાઓ.
Yak (યેક) એક જાતનું પ્રાણી.
Kind (કાઇન્ડ) જાત.
Ox (ઑક્સ) બળદ.
Hair (હેર) વાળ.
Can go up (કેન ગો અપ) ચઢી શકે છે.
Hills (હિલ્સ) ટેકરીઓ.
Cart (કાર્ટ) ગાડું.
Bullocks (બુલોક્સ) બળદો.
Are drawing (આર ડ્રોઈંગ) ખેંચે છે.
Along (એલોન્ગ) ઉપર થઇને
Road (રોડ) રસ્તો.
Bird (બર્ડ) પક્ષી.
Tree (ટ્રી) ઝાડ.

Wings (વિંગ્સ) પાંખો.
Fly (ફ્લાઇ) ઉડવું.
Very high=ઘણે ઉંચે.
Have no=નથી.
Cannot=શકતો નથી.
Men (મેન) માણસો.
Are doing (આર ડુઈંગ) કરે છે.
They (ધે) તેઓ; તે.
To lift (લિફ્ટ) ઉંચકવું.
Are lifting (આર લિફ્ટિંગ) ઉંચકે છે.
Full (ફુલ) ભરેલું.
Of water (ઓફ વોટર) પાણીથી.

ઘંટ વાગે છે. તમે તે સાંભળી શકો છો? તે તમને નિશાળે બોલાવે છે. નિશાળે દોડતા જાઓ. ચેક એક જાતનો બળદ છે. તેને ટુંકા મજબૂત પગ હોય છે. તેને ઘાડા વાળ હોય છે. તે ઉંચી ટેકરીઓ ઉપર જઈ શકે છે ચેક ઘણું જોરાવર હોય છે.

એ બળદ એક ગાડું રસ્તાપર ખેંચે છે. બળદો ગાડી ખેંચે છે.

પક્ષી ઝાડ ઉપર બેઠું છે. પક્ષીઓને પાંખ હોય છે. પક્ષીઓ ઘણે ઉંચે ઉડી શકે છે. મારે પાંખ નથી. હું ઉડી શકતો નથી. પક્ષીઓ ઉંચે ઉડી શકે છે.

હું એ માણસ જોઈ શકું છું. તેઓ શું કરે છે? તેઓ એક મોટો ઘડો (વાસણ) ઉંચકે છે. તે પાણીથી ભરેલો છે. તે વાસણ પાણીથી ભરેલું છે.

પાનું ૨૨ મું.

Dog (ડોગ) કુતરો.
Look (લુક) જુઓ.
At (એટ) તરફ.
Hat (હેટ) ઉભી ટોપી.
Too (ટૂ) વળી.
Head (હેડ) માથું.
Stick (સ્ટિક) લાકડી.
Thick (થિક) જાડી.
Thin (થિન) પાતળી
Have (હેવ) ને છે; પાસે છે.
But (બટ) પણ.
I have=મારે છે.
Cap (કેપ) ટોપી.
Is looking=જુએ છે.

એક માણસ અને કુતરો

આ માણસ અને પેલા કુતરા તરફ જુઓ. તમે એક ટોપી ને એક લાકડી પણ જુઓ છો? હા, તે માણસના પોતાના માથાપર એક ટોપી છે. તેના હાથમાં તેની પાસે એક લાકડી છે. હું તે

૨૧૬૮૩

જોઇશ. શું તે જાડી લાકડી છે? ના, તે પાતળી લાકડી છે. તમારા માથાપર ઉભી ટોપી છે? ના, પણ મારા માથાપર બેઠી ટોપી છે. કુતરો પેટીપર બેઠો છે. હું તેને જોઈ શકું છું. શું તે નાની પેટી છે? ના, તે મોટી પેટી છે. કુતરો શું કરે છે? તે માણસ તરફ જુએ છે.

પાનું ૨૩ મું.

Big (બિગ મોટું.
Fig (ફિગ) અંજીર.
Cut (કટ) કાપવું.
Knife (નાઇફ) ચપ્પુ.
Twig (ટ્વિગ) ડાળી.
Ripe (રાઇપ) પાકી.
Mine (માઈન) મારૂં.
How (હાઉ) કેવી રીતે; કેમ.
Did get (ડિડ ગેટ) મેળવ્યું.
Did-Do ના ભૂતકાળનું રૂપ.
Fine (ફાઈન) સુંદર; સારૂં.
Gave (ગેઈવ) આપ્યું.
Picked (પિકડ) તોડયું.
Off (ઓફ) ઉપરમાંથી; માંથી.
Will give=આપીશ.
To take (ટેઈક) લેવું.
To thank(થેન્ક)આભાર માનવો.
Kind (કાઈન્ડ) માયાળુ.
May (મે) સહાયકારક ક્રિયાપદ.
To bite બાઈટ) કરડવું.
May bite=કરડું, બચકું ભરૂં.
Bit (બિટ) કટકો.
Now (નાઉ) હમણાં, હાલ.
With (વિથ) વડે; થી.
Me (મી) મને.

એક મોટું અંજીર

આ ડાળી પર તે મોટું અંજીર જુઓ. તે સારૂં ને પાકેલું છે. તે મારૂં છે. આ સુંદર અંજીર તમને કયાંથી મળ્યું? મારી બ્હેન આવી અને તે મને મળ્યું? તમારી બ્હેનને તે કેવી રીતે મળ્યું? તેણે એક અંજીરના ઝાડ પરથી તોડી લીધું. જુઓ, હું તમને તે આપીશ. લો! તમારો આભાર માનું છું. તમે ઘણા માયાળુ છો. હવે હું તેમાંથી એક કટકો કરડી ખાઉં? ના, તેને કરડતા નહિ. આ ચપ્પુ લો. મારા ચપ્પુવડે તેમાંથી એક કટકો કાપો. મારી બ્હેને એક સુંદર પાકું અંજીર મને આપ્યું. તમારા ચપ્પુવડે એક કટકો હું પું?

પાનું ૨૪ મું.

Frogs (ફ્રોગ્ઝ) દેડકાં.
On (ઓન) ઉપર.
Log (લોગ) લાકડાનો કકડો
Are sitting=બેઠા છે.
Large (લાર્જ) મોટો.
Tank (ટેન્ક) તળાવ.
Full (ફુલ) ભરેલું.
Cold (કોલ્ડ) ઠંડું.
Water (વૉટર) પાણી.
Wet (વેટ) ભીનું.
Is jumping (ઇઝ જમ્પિંગ) કૂદે છે.
To swim (સ્વિમ) તરવું.
Live (લિવ) રહે છે.
Bank (બેન્ક) કિનારો.
Land (લેન્ડ) જમીન.

એક લાકડાના કટકા પર દેડકાં

દેડકાં એક લાકડાના કટકાપર બેઠાં છે. તે કટકો એક મોટા તળાવમાં છે. તળાવ ઠંડા પાણીથી ભરેલું છે પાણીમાંનો મોટો લાકડાનો કટકો ભીનો છે. કટકાપર એક દેડકું કૂદે છે. દેડકાં પાણીમાં તરી શકે છે. તે તળાવના કિનારા પર રહે છે. દેડકાં પાણીમાં તરે છે. તે જમીનપર રહે છે. દેડકાંને લાંબા પગ હોય છે. તેઓ કૂદી શકે છે.

પાનું ૨૫ મું.

Glass (ગ્લાસ) કાચ; કાચનો પ્યાલો.
To pour (પોર) રેડવું.
Jug (જગ) ચંબુ; કુંજો.
Here (હીઅર) અહીંઆ.
Where (વ્હેર) ક્યાં; જ્યાં.
There (ધેર) ત્યાં.
Some (સમ) થોડુંક; કેટલુંક.
Too (ટુ) વળી.
Cold (કોલ્ડ) ઠંડું.
Inside (ઇનસાઇડ) અંદરની બાજુ; માંહે.
Now (નાઉ) હવે.
Is holding (ઇઝ હોલ્ડિંગ) પકડે છે.
Four (ફોર) ચાર.
Fingers (ફિંગર્સ) આંગળીઓ.
Thumb (થંબ) અંગુઠો.
Is pouring (ઇઝ પોરિંગ) રેડે છે.
Out off=માંથી.
Into (ઇનટુ) માં; અંદર.
To hold (હોલ્ડ) પકડવું.
With=થી; વડે.

અહીંઆ આવો. આ કાચના પ્યાલાને અને પેલા ચંબુને જુઓ. તેમાં વળી થોડું પાણી છે, હું તે

જોઈ શકું છું. પાણી ક્યાં છે? તે ચંબુમાં છે? હા, તે ચંબુ ઠંડા પાણીથી ભરેલો છે. ઠંડું પાણી તે ચંબુમાં છે. પણ તે પાણી તમે જોઈ શકતા નથી. કાચના પ્યાલામાં પાણી જોઈ શકો છો. હમણા માણસના હાથે ચંબુ પકડેલો છે. તે હાથને ચાર આંગળા ને એક અંગુઠો છે. તે ચંબુમાંથી પાણી રેડે છે. તે કાચના પ્યાલામાં પાણી રેડે છે. તે કાચના પ્યાલામાં પાણી રેડે છે. તમારા હાથવડે ચંબુ પકડો. તે ચંબુમાંથી થોડું ઠંડું પાણી રેડો.

પાનું ૨૬ મું.

Let (લેટ) દો; રજા આપો.

Us (અસ) અમને.

All (ઓલ) સઘળા.

To play (પ્લે) રમવું.

Let us all play=ચાલો આપણે સઘળા રમીએ.

Game (ગેઈમ) રમત.

Oh (ઓહ) અરે.

We (વી) આપણે.

Bat (બેટ) દંડુકો; બેટ.

Ball (બોલ) દડો.

Cane (કેઈન) નેતર.

Handle (હેન્ડલ) હાથો.

Take (ટેઈક) લો.

Hold (હોલ્ડ) પકડો.

To hit (હિટ) મારવું.

Hard (હાર્ડ) સખત.

To make (ટુ મેઈક) કરવું.

To make it go=તેને જવા દેવાને.

Far (ફાર) દૂર.

Run (રન) દોડો.

After (આફ્ટર) પછવાડે.

Fast (ફાસ્ટ) ઝડપથી.

Too fast=જોઈએ તે કરતાં ઝડપથી.

To fall (ફોલ) પડવું.

Alter (ઓલ્ટર) બદલો.

આવો, ચાલો આપણે સઘળા અહીંઆ એક રમત રમીએ. હું અહીંઆ છું. હું પણ રમત રમું? અરે હા, આપણે અહીંઆ રમવાને આવ્યા. જુઓ! મારી પાસે એક બેટ અને દડો છે. બેટને નેતરનો હાથો છે. બેટ લો અને તમારા હાથમાં તે પકડો. હવે બેટવડે દડાને ફટકો મારો. તે ઘણે દૂર જવા દેવાને સખત ફટકો

મારો. હવે દડા પછવાડે દોડો, જલદી દોડો. જોઈ એ તે કરતા વધારે ઝડપથી દોડતા નહિ, તમે પડી જાઓ. આપણે અહીંઆ રમત રમવાને આવ્યા. બેટ અને દડાથી રમત રમો.

પાનું ૨૭ મું.

At (એટ) પાસે.
Table (ટેબલ) મેજ.
Cap (કેપ) ટોપી.
Head (હેડ) માથું.
Is holding=પકડી છે.
Quill pen (કિ્વલપેન) પીંછાની કલમ.
Ink–pot (ઈંક–પૉટ) શાહીનો ખડીઓ.
Sheet (શીટ) તાર; તાવ.
Paper (પેપર) કાગળ.
To dip (ડિપ) બોળવું.
Ink (ઇંક) શાહી.
Tip (ટિપ) અણી; છેડો.
Will get (વિલ ગેટ) થશે.
Wet (વેટ) ભીની.
Then (ધેન) પછી.
To take (ટેઇક) લેવું.
Will take out=બહાર કાઢશે.
To write (રાઈટ લ ખવું.
White (વ્હાઇટ) ધોળો.
Black (બ્લેક) કાળું.
Name (નેઈમ) નામ.
To ask (આસ્ક) પૂછવું
Him (હિમ) તેને.
To tell (ટેલ) કહેવું.
Rama (રામ) રામ; નામ છે.
Pens (પેન્સ) કલમો.
To get (ગેટ) મેળવવું.

પેલો છોકરો મેજ આગળ બેઠો છે. તેને તેના માથાપર ટોપી છે. તેણે પોતાના હાથમાં પીંછાની કલમ પકડી છે. એક ખડીઓ મેજ ઉપરછે. કાગળનો તાવ મેજની ઉપર પણ છે. છોકરો શાહીમાં પોતાની કલમ બોળશે,કલમની અણી ભીની થશે. પછી તે શાહીમાંથી તેને બહાર કાઢશે. કલમથી કાગળપર તે લખશે. કાગળ ધોળો છે, પણ શાહી કાળી છે. તેનું નામ શું છે? તેને પૂછો. તે તમને કહેશે. તમારું નામ શું છે? મારું નામ રામ છે. આપણે કલમ વડે કાગળપર લખીએ છીએ. કાગળ ધોળો છે. પણ શાહી કાળી છે.

પાનું ૨૮ મું.

Flow (ફ્લો) વહેવું.
River (રિવર) નદી.
Is flowing (ઇઝ ફ્લોઇંગ) વહે છે.
Down (ડાઉન) નીચે.
From (ફ્રોમ) માંથી.
Hills (હિલ્સ) ટેકરીઓ.
Up (અપ) ઉપર; ઉંચે.
Grow (ગ્રો) ઉગવું.
Trees (ટ્રીઝ) ઝાડો.
Are growing=ઉગે છે.
Green (ગ્રીન) લીલા; લીલોતરીવાળા.
Fields (ફીલ્ડઝ) ખેતરો.
Leaves (લીવ્ઝ) પાંદડાં.
To crow (ક્રો) કુકરેકુક કરવું.
Cock (કોક) મરઘો.
Is crowing=કુકરેકુક કરે છે.
Hens (હેન્સ) મરઘીઓ.
Crows (ક્રોઝ) કુકરેકુક કરે છે.
Loud (લાઉડ) મોટેથી; મોટા અવાજથી.
Very loud=ઘણે મોટેથી.
Is sowing=વાવે છે.
Seed (સીડ) બી.
Seeds (સીડઝ) બીયાં.
To row (રો) હલ્લેસાં મારી. [ચલાવવું.
Boy (બોય) છોકરો.
Is rowing=હલ્લેસાં મારીને ચલાવે છે.
Boat (બોટ) હોડી; મછવો.
To show (શો) બતાવવું.
Me (મી) મને.
How (હાઉ) કેવી રીતે; કેમ.

નદી ટેકરીમાંથી નીચે વહે છે. નદી ઉંચે વહી શકતી નથી. ઝાડ લીલાં ખેતરમાં ઉગે છે. લીલાં પાંદડાં ઝાડ પર ઉગે છે. મરઘો પોતાની મરઘીને કુકરેકુક કરે છે. મરઘો ઘણે મોટેથી કુકરેકુક કરે છે. માણસ પોતાના ખેતરમાં બી વાવે છે. તમે બીયાં જોઈ શકો છો? છોકરો નદી ઉપર હોડીને હલ્લેસા મારી ચલાવે છે. કેવી રીતે હલ્લેસાં મારવાં તે મને બતાવો.

પાનું ૨૯ મું.

Whip (વ્હિપ) ચાબૂક.
Boy has=છોકરા પાસે છે.
Is holding=પકડી રાખ્યો છે.
Is talking=વાત કરે છે.

Is saying=કહે છે.
To beat (બીટ) મારવું.
Do not beat=મારશો નહિ.
Cage (કેઇજ) પાંજરું.
Bird (બર્ડ) પક્ષી.
Put (પુટ) મૂક્યું.
There (ધેર) ત્યાં.
To let (લેટ) લેવું; રજા આપવી.
To fly (ફ્લાઈ) ઉડવું.
Out (આઉટ) બહાર.
Open (ઓપન) ઉઘાડો.
Door (ડોર) બારણું.
Come out=બહાર નીકળો.
Away (અવે) દૂર.
Fly away=ઉડી જા.
Tip (ટિપ) છેડો.
Hip (હિપ) કેડ; કમ્મર.
Seat (સીટ) બેઠક; જગ્યા.
To eat (ઇટ) ખાવું.
May (મે) કદાચ.
(સહાયકારક ક્રિયાપદ)

એક માણસ, છોકરો અને ઘોડો

છોકરા પાસે ચાબૂક છે. તે ઘોડાને પકડી રાખે છે. માણસ વાત કરે છે. તે શું કહે તે? તે તે છોકરાને કહે છે. કે તે ઘોડાને મારતો નહિ. માણસ તે છોકરા સાથે વાત કરે છે. ઘોડાને મારતો નહિ—એમ કહે છે.

અહીંઆ એક પાંજરામાં એક પક્ષી છે. એક માણસે તેને ત્યાં મૂક્યું (પૂર્યું). હું તેને બહાર ઉડી જવા દઉં? હા. બારણું ઉઘાડો. નાના પક્ષી, બહાર નીકળ; ઉડી જા. લીલા ઝાડ ઉપર ઉડી જા. તે પક્ષી તે પાંજરામાં છે. તે બહાર નીકળી શકતું નથી પાંજરાનું બારણું ઉઘાડો અને તેને બહાર ઉડી જવા દો.

પાનું ૩૦ મું.

See (સી) જુઓ.
Garden (ગાર્ડન) વાડી; બાગ.
Neat (નીટ) સ્વચ્છ; સાફ; ચોખ્ખુ
Clean (ક્લીન) સ્વચ્છ; કચરા વગરનું
Outside (આઉટસાઈડ) બહાર; બહારની બાજુ.
House (હાઉસ) ઘર.
Behind (બીહાઈન્ડ) પાછળ.
To sit (સિટ) બેસવું.
To read (રીડ) વાંચવું.
Meals (મીલ્સ) ભોજન; ખાણું.
Now and then=વારંવાર.
Leaves (લીવ્ઝ) પાંતરાં; પાંદડાં.
Leaf (લીફ) પાંતરું; પાંદડું.
For (ફોર) માટે; વાસ્તે.
For you=તમારે માટે.
Please (પ્લીઝ) મહેરબાની કરીને
Teach (ટીચ) શીખવો.

Each (ઇચ) દરેક.
To read (ટુ રીડ) વાંચવું.
Hard (હાર્ડ) અઘરું; મુશ્કેલ.
Very (વેરી) ઘણું.
Easy (ઈઝિ) સહેલું; સુગમ પડે એવું.
Speak (સ્પીક) બોલવું.
Loud (લાઉડ) મોટેથી.
Hear (હીઅર) સાંભળવું.
Near (નીઅર) પાસે; લગોલગ.
Dear (ડીઅર) વહાલું

જુઓ, આ મારી વાડી છે. તે સ્વચ્છ ને સાફ છે. મારી વાડી મારા ઘરની બહારની બાજુએ છે. તે તેની પછવાડે છે. તેમાં એક બેઠક છે. અહીંઆ હું બેસું છું ને વાંચું છું. વારંવાર હું મારું ભોજન પણ અહીં લઉં છું. ઝાડ પરનાં લીલાં પાંદડાં જુઓ. જુઓ! તમારે માટે અહીંઆ એક લીલું પાંદડું છે. અમારામાંના દરેકને મહેરબાની કરીને વાંચતાં શીખવો. શું વાંચવું અઘરું છે? ના, તે ઘણું સહેલું છે. મહેરબાની કરીને મોટેથી બોલો. હું સાંભળી શકતો નથી. મારા વહાલા છોકરા, મારી પાસે બેસ અને તું સાંભળ. મહેરબાની કરીને અમારામાંના દરેકને વાંચતાં શીખવો. તે ઝાડોપર લીલાં પાંદડાં છે.

પાનું ૩૧ મું.

Was (વોઝ) હતો.
Our (અવર) આપણા.
For (ફોર) સુધી.
Hour (અવર) કલાક.
Came out (કેઇમ આઉટ) બહાર આવ્યો.
Walked (વોકડ) ફર્યો; ચાલ્યો.
About (એબાઉટ) આમતેમ; આસપાસ.
Found (ફાઉન્ડ) જડ્યો; શોધી કાઢ્યો.
Nest (નેસ્ટ) માળો.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
With two eggs = બે ઇંડાં સહિત.
Were (વેર) હતાં.
White (વ્હાઇટ) ધોળાં.
Hard (હાર્ડ) સખત; કઠણ.
Round (રાઉન્ડ) ગોળ.
Looked (લુકડ) જોયું.
Down (ડાઉન) નીચે.
Called out (કોલ્ડ આઉટ) બૂમ પાડી.
Aloud (એલાઉડ) મોટેથી.

To touch (ટચ) અડકવું.
Heard (હર્ડ) સાંભળ્યું.
Sound (સાઉન્ડ) અવાજ.
Looked up=ઉંચે જોયું.
Shouted (શાઉટેડ) બૂમ પાડીને કહ્યું.
Back (બૅક) પાછી; ફરીથી
Your (યૉર) તમારાં.

તે છોકરો અમારા ઘરમાં એક કલાકસુધી હતો. તે બહાર આવ્યો અને આમતેમ ફર્યો. બે ઈંડાંવાળો એક માળો જમીન ઉપર તેને જડયો. તે ધોળાં, સખત અને ગોળ હતાં. એ પક્ષીએ નીચે જોયું ને મોટેથી બૂમ પાડી, મહેરબાની કરીને મારાં ઇંડાં ને મારા માળાને અડકતા નહિ. તે છોકરાએ અવાજ સાંભળ્યો અને ઉંચું જોયું. તેણે નાના પક્ષીને પછી બૂમ પાડીને કહ્યું, ના, હું તારાં ઇંડાં કે તારા માળાને અડકીશ નહિ માળામાંનાં ઈંડાં સફેદ ને ગોળ છે. મહેરબાની કરીને મારા માળાને અડકતા નહિ.

પાનું ૩૨ મું.

Mother (મધર) મા.
Son (સન) છોકરો; દીકરો.
Hip (હિપ) કેડ; કમર.
Right (રાઇટ) જમણો; ખરું.
Arm (આર્મ) હાથ; બાહુ.
Cup (કપ) પ્યાલો.
Is pointing (ઇઝ પૉઇન્ટિંગ) બતાવે છે.
o (મૂન) ચંદ્ર; ચંદ્રમા.
Left (લેફ્ટ) ડાબો.
Shining (શાઇનિંગ) પ્રકાશતો.
Sky (સ્કાઈ) આકાશ; ગગન.
How (હાઉ) કેવો.
Bright (બ્રાઇટ) ચકચકિત; પ્રકાશમાન.
Looks=દેખાય છે.
Up (અપ) ઉપર; ઉંચે.
Is saying=કહે છે.
Time (ટાઇમ) વખત.
To sleep=ઉંઘવાને.
Soon (સુન) જલદી; તરતજ.
Take (ટેઇક) લઈ જવું.
Inside (ઇનસાઇડ) અંદર.
Put (પુટ) મૂકવું.
Put to bed=સુવડાવવું.
Is telling=કહે છે.
High up (હાઈ અપ) છેક ઉંચે.
To go to bed=સુવાને.

અહીંઆ તમે એક માને અને તેના નાના છોકરાને જુઓ છો. તે પોતાના જમણા બાહુ (હાથ)થી પોતાની કેડે તેને પકડી રાખે છે. તેના જમણા હાથમાં તેની પાસે એક પ્યાલો છે. તે પોતાના ડાબા હાથથી ચંદ્રમાને બતાવે છે.ત્યાં તમે આકાશમાં ચંદ્રમાને પ્રકાશતો જુઓ છો. ત્યાં ચંદ્રમા કેવો ચકચકિત દેખાય છે. તે નાના છોકરાને શું કહે છે? તે કહે છે કે આકાશમાં ઉપર ચંદ્રમાને જુઓ. હવે તેને સુવા જવાનો વખત થયો છે. તે તરત જ તેને અંદર લઇ જશે અને એને પથારીમાં સુવડાવશે.

મા ચંદ્રમાને આંગળી વતી બતાવે છે. તે તેને તેની તરફ જોવાનું કહે છે. આકાશમાં છેક ઉંચે ચંદ્રમાને જુઓ. હવે સુવા જવાનો વખત થયો છે.

પાનું ૩૩ મું.

Railway (રેલ્વે) લોઢાંની સડક.
Train ઇન) ગાડી.
Runs (રન્સ) દોડે છે; ચાલે છે.
Rails (રેલ્સ) પાટા.
Laid (લેઇડ) મૂકયા; ગોઠવ્યા.
Road (રોડ) રસ્તો; સડક.
Vans (વેન્સ) માલ ભરવાના ગાડા; ડબ્બા.
Them (ધેમ) તેમને.
In them=તેમાં.
Full=ભરેલાં.
Bags (બેગ્ઝ) કોથળાં.
Grains (ગ્રેઇન્સ) અનાજ.
Rain (રેઇન) વરસાદ. [નથી.
Cannot wet=ભીંજવી શકતો
Safe (સેઇફ) સહીસલામત.
Get into (ગેટ ઇન્ટુ) માં દાખલ થાઓ.
Wait (વેઇટ) રાહ જોવી
Ticket (ટિકિટ) ટિકિટ.
Paid (પેઇડ) પૈસા આપ્યા.
Again (અગેન) ફરીથી.
Cold (ગોલ્ડ) સોનું.
Chain (ચેઇન) સાંકળી; દોરો.

એક આગગાડી

આ એક આગગાડી છે. તે પાટા ઉપર ચાલે છે. માણસોએ સડક પર પાટા ગોઠવ્યાં. હું આગગાડી-માં ડબ્બા જોઉં છું. તેમાં શું છે? ડબ્બા અનાજની ગુણોથી ભરેલા છે.વરસાદ અનાજ ભીંજવી શકતો

નથી. તે ડબ્બામાં સહીસલામત છે. હવે ગાડીમાં દાખલ થાઓ. તે તમારે માટે રાહ જોશે નહિ. આ રહી તમારી ટિકિટ. મેં તેના પૈસા આપ્યા છે. મારે માટે સોનાની એક સાંકળી લઈને ફરીથી પાછા આવજો.

વરસાદ ગાડીમાં અનાજને ભીંજવી શકતો નથી. એક સોનાની સાંકળી લઈ ફરીથી પાછા આવો.

પાનું ૩૪ મું.

Seeta (સીતા) સીતા; છોકરીનું [નામ.
Got up (ગોટ અપ) ઉઠી.
Six (સિક્સ) છ.
O'clock (ઓકલોક) કલાક.
At six o'clock=છ વાગે.
Looked=જોયું.
Face (ફેઇસ) ચહેરો.
Looking-glass (લુકિંગગ્લાસ) આરસી; દર્પણ.
Combed (કોમ્બ્ડ) ઓળ્યા.
Hair (હેર) વાળ; ચોટલો.
Comb (કોમ્બ) કાંસકી; દાંતીઓ.
Did (ડિડ) (કુનો, ભુતકાળ)થયું.
Long (લોન્ગ) લાંબા.
Plait (પ્લેઇટ) વેણી; કલ્લી.
Washed (વોશ્ડ) ધોયા.
Put on (પુટ ઓન) પહેર્યાં.
Red (રેડ) રાતું; લાલ.
Jacket (જેકેટ) બદન; કબજો.
Sat (સેટ) બેઠી.
Flour (ફ્લોર) જમીન.
To hem (ટુ હેમ) ઓળવું; ગુંથવું
Scissors (સિઝર્સ) કાતર.
Buttons (બટન્સ) બોરીયાં.
Needles (નીડલ્સ) સોયો.
Pins (પિન્સ) ટાંકણી.
Thread (થ્રેડ) દોરો.

સીતા છ વાગે ઉઠી. પછી તેણે પોતાની આરસીમાં પોતાનો ચહેરો જોયો. પછી તેણે પોતાનો ચહેરો તેમાં જોયો. પછી તેણે પોતાના વાળ પોતાની કાંસકીથી ઓળ્યાં. પછી તેણે પોતાના વાળની લાંબી વેણી બનાવી. પછી તેણે પોતાના હાથ ને મોં ધોયાં. પછી તેણે પોતાનું રાતું બદન પહેર્યું. પછી તે જમીનપર એક સફેદ બદન ગુંથવાને બેઠી. તેની પેટીમાં તેની પાસે કાતર, બટન, સોય, ટાંકણી, દોરો છે.

પાનું ૩૫ મું.

School (સ્કૂલ) નિશાળ.
Ate (એઇટ) ખાધા.

Some (સમ) થોડા, થોડું.
Drank (ડ્રેન્ક) પીધું.
Milk (મિલ્ક) દૂધ.
Put (પુટ) મૂક્યું.
Went (ઉવેન્ટ) ગઈ.
Class room (ક્લાસરૂમ) વર્ગનો ઓરડો.
Class (ક્લાસ) વર્ગ.
Girls (ગર્લ્સ) કન્યાઓ, છોકરીઓ.
First (ફર્સ્ટ) પહેલી.
Spots (સ્પૉટ્સ) ટપકાં, છાંટ.
Open (ઓપન) ઉઘાડી.
Their (ધેઅર) તેમનાં.
Teacher (ટીચર) શિક્ષક.
Chair (ચેઅર) ખુરશી.
Desk (ડેસ્ક) ઢળતી મેજ.
Is speaking (ઇઝ સ્પીકિંગ) બોલે છે.
Each (ઇચ) દરેક.
Room (રૂમ) ઓરડો.

નિશાળમાં સીતા

સીતાએ થોડા ભાત ખાધા અને થોડું દૂધ પીધું. તે પોતાની ચોપડીઓ પોતાની કોથળી–દફતરમાં મૂકીને નિશાળે ગઈ. તમે અહીંઆ સીતાને તેના વર્ગના ઓરડામાં જુઓ છો. વર્ગમાં છ છોકરીઓ છે. તેઓ ઉભી છે. સીતા પહેલી છોકરી છે. તેને છાંટવાળું બદન છે, છોકરીઓએ પોતાના હાથમાં ચોપડીઓ ઉઘાડી પકડી છે. શિક્ષક મેજ પાસે ખુરશી ઉપર બેઠા છે. મેજ ઉપર એક ઢળતી મેજ અને એક ચોપડી છે. શિક્ષક વર્ગમાં છોકરીઓ સાથે વાત કરે છે (બોલે છે). વર્ગમાં છ છોકરી છે. દરેક છોકરીની પાસે પોતાના હાથમાં એક ચોપડી છે.

પાનું ૩૬ મું

Stars (સ્ટાર્સ) તારા.
Sun (સન) સૂર્ય
Has set (હેઝ સેટ) આથમ્યો છે, અસ્ત પામ્યો છે.
Far (ફાર) દૂર
Far away=ઘણે દૂર.
Shine (શાઇન) પ્રકાશે છે.
Brightly (બ્રાઇટલિ) ચકચકિત રીતે.
Dark (ડાર્ક) અંધારૂં, અંધારી.
Night (નાઇટ) રાત.
To count (કાઉન્ટ) ગણવું.
One (વન) એક.

Moon (મૂન) ચંદ્ર.
Many (મેનિ) ઘણા.
Sight (સાઇટ) દેખાવ; દૃષ્ટિ
Black (બ્લૅક) કાળી.
Give (ગિવ) આપે છે.
Light (લાઇટ) અજવાળું, પ્રકાશ
To fight (ફાઇટ) લડવું.
Right (રાઇટ) યોગ્ય, ઠીક.

તારા

સૂર્ય અસ્ત પામ્યો છે. હવે આપણે તારા જોઈ શકીએ છીએ. આકાશમાં ઘણે ઉંચે તારા છે, તે આપણાથી ઘણે દૂર છે. અંધારી રાત્રે તે ચકચકિત રીતે પ્રકાશે છે. તમે આકાશમાંના તારા ગણી શકો છો? અરે ના! હું તારા ગણી શકતો નથી. ત્યાં એક ચંદ્રમા છે. ત્યાં ઘણા તારા છે. અંધારી કાળી રાત્રે કોઈને સૂર્ય દેખાતો નથી; પણ તારા ચકચકિત રીતે પ્રકાશે છે અને તારા અજવાળું આપે છે. વહાલા છોકરાઓ, લડતા નહિ; લડવું એ ઠીક નથી.

પાનું ૩૭ મું

School (સ્કૂલ) નિશાળ.
To come (કમ) આવવું.
Every (એવરિ) દરેક
Day (ડે) દિવસ.
Class room (ક્લાસરૂમ) વર્ગનો ઓરડો
Master (માસ્ટર) શિક્ષક.
Sits (સિટ્સ) બેસે છે.
Chair (ચેઅર) ખુરશી.
In front (ઇન ફ્રન્ટ) આગળ, અગાડી.
Desk (ડેસ્ક) ઢળતી મેજ.
Arms (આર્મ્સ) હાથા.
Ink-pot (ઇન્ક-પોટ) ખડિયો.
Lid (લિડ) ઢાંકણુ.
Down (ડાઉન નીચે.
Shut (શટ) બંધ.
Keeps (કીપ્સ) રાખે છે;
Inside (ઇનસાઇડ)અંદરની બાજુ
Map (મેપ) નકશો.
Wall (વોલ) ભીંત; દિવાલ.
Behind (બિહાઇન્ડ) પાછળ.
Black-board (બ્લેક બોર્ડ) કાળું પાટીયું.
Right (રાઇટ) જમણો.
Leg (લેગ) પાયો.
Tall (ટોલ) ઊંચો.

મારી નિશાળ

આ મારી નિશાળ છે. હું દરરોજ અહીં આવું છું. મારો વર્ગ આ રહ્યો અને મારા શિક્ષક

પેલા રહ્યા. મારા શિક્ષક પોતાની ઢળતી મેજની અગાડી ખુરશીપર બેસે છે. ખુરશીને ચાર પાયા ને બે હાથા છે. તેણે પોતાના હાથમાં એક ચોપડી ઉઘાડી પકડી છે. ઢળતી મેજ પર એક ખડીયો છે, તેમાં એક કલમ છે. ઢળતી મેજનું ઢાંકણું નીચે છે. ઢળતી મેજ બંધ છે. શિક્ષક પોતાની ઢળતી મેજમાં ચોપડીઓ રાખે છે. તેની પાછળ દિવાલ પર એક નકશો છે. તેના જમણા હાથ તરફ એક કાળું પાટીયું છે. શિક્ષક ખુરશીપર બેસે છે, તેની અગાડી એક ઢળતી મેજ છે.

FINISH

વારનાં નામ

Sunday	(સન્ડે)	રવિવાર
Monday	(મન્ડે)	સોમવાર
Tuesday	(ટયુઝડે)	મંગળવાર
Wednesday	(વેન્ઝડે)	બુધવાર
Thursday	(થર્સડે)	ગુરુવાર
Friday	(ફ્રાઇડે)	શુક્રવાર
Saturday	(સેટરડે)	શનિવાર

મહિનાનાં નામ

January	જાન્યુઆરી
February	ફેબ્રુઆરી
March	માર્ચ
April	એપ્રિલ
May	મે
June	જુન
July	જુલાઈ
August	ઑગસ્ટ
September	સપ્ટેમ્બર
October	ઑક્ટોબર
November	નવેમ્બર
December	ડીસેમ્બ

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ

બુકસેલર્સ, નાણાવટ—સૂરત

મેકમિલન ન્યુ રીડર્સ પ્રાઇમર ભાગ પહેલાના મીનીંગ (તરજુમા સહિત) ૦–૪–

મેકમિલન ન્યુ રીડર્સ પ્રાઇમર ભાગ બીજાના „ ૦–૬–

મેકમિલન ન્યુ રીડર્સ નં. ૧ ના „ ૦–૮–

મેકમિલન ન્યુ રીડર્સ નં. ૨ ના „ ૦–૧૧–

મેકમિલન ન્યુ રીડર્સ નં. ૩ ના „ ૦–૧૩–

મેકમિલન ન્યુ રીડર્સ નં. ૪ ના „ ૧–૦–૦

મેકમિલન ન્યુ રીડર્સ નં. ૫ ના „ ૧–૪–૦

ધિ ન્યુ સ્ટડી રીડર્સ પ્રાઇમરના અર્થ ૦–૫–૦

ધિ ન્યુ „ „ ભાગ ૧ના અર્થ ૦–૬–૦

ન્યુ ઇન્ડીયન ક્લાસ રીડર્સ પ્રાઇમરના મીનીંગ ૦–૬–૦

„ „ „ ભાગ ૧ ના મીનીંગ (છપાય છે.)

કોહીનુર રીડર્સ પ્રાઇમરના મીનીંગ	તરજુમા સહિત	૦–૫–૦
„ „ નં. ૧ના „	તેમજ દરેક	૦–૬–૦
„ „ ૨ના „	પાઠને છેડે	૦–૮–૦
„ „ ૩ના „	આપેલા	૦–૧૦–૦
„ „ ૪ના „	મનોયત્નોના	૧–૦–૦
„ „ ૫ના „	જવાબો સહિત	૧–૪–૦

Published by–

Navnitlal Balubhai of Messrs Karsandas Narandas & Sons

Book-sellers & Publishers, Nanavat, SURAT

Printed by–Vithaldas Kikabhai at

The "Sunder" P. Press, Kanpith Bazar, SURAT